**પ્રેસનોટ** **તા.૧૮/૦૯/૨૦૦૯**

આજ રોજ ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ હોદ્દેદારો અને સંગઠન પર્વના ઈન્ચાર્જોની બેઠક પ્રદેશ અધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં તથા માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મળી હતી. ભાજપ સંગઠન સદસ્ય અભિયાનમાં તમામ બુથ સમિતિઓમાં પ્રાથમિક સભ્યોની નોંધણી કરવાની કાર્યવાહી પૂર્ણતાના નજીક છે એમ એક યાદીમાં પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યુ હતુ.

શ્રી જાડેજાએ વધુમાં જણાવ્યુ હતુ કે રાષ્ટ્રીય ભાજપાએ ગુજરાત પ્રદેશ સંગઠન સંરચના અધિકારી તરીકે પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમારની નિમણુંક કરી છે. આગામી તા.૧૫ ઓકટોબર સુધીમાં બુથ સમિતિ અને સક્રિય સભ્યોની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. તા. ૨૦ ઓકટોબર થી તા. ૧૧ નવેમ્બર સુધીમાં મંડલ (તાલુકા) સમિતિઓની રચના કરવામાં આવશે. તા. ૧૧ નવેમ્બર થી ૩૦ નવેમ્બર સુધીમાં જીલ્લા સમતિઓની રચના થશે. આમ નવેમ્બર માસના અંત સુધીમાં તમામ જીલ્લામાં ભાજપ સંગઠન સંરચના પૂર્ણ થશે. હાલ તમામ મંડલોમાં પ્રાથમિક સભ્યોનું રજીસ્ટ્રીકરણ તથા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રીની કામ ચાલી રહ્યુ છે.

પ્રદેશ અધ્યક્ષ શ્રી રૂપાલાજીએ ૭ વિધાનસભાઓમાંથી ૫ બેઠકો જીતીને ઝળહળતો વિજય પ્રાપ્ત કરતા સમગ્ર ભાજપાના કાર્યકર્તાઓ માટે ઉમંગ અને ઉત્સાહ વધારનાર દરેક કાર્યકરોને અભિનંદન પાઠવેલ અને નવી સંરચનાઓ આગામી દિવસોમાં પક્ષને મજબૂત બનાવવા સક્ષમ હોવી જોઈએ તેમજ સમયસર સંરચનાનું કામ પૂર્ણ કરવા જણાવેલ. સંગઠન પર્વના પ્રદેશ ઈન્ચાર્જ શ્રી ભરતભાઈ પંડયાએ તમામ જીલ્લાની વિગતો લઈને બાકી કાર્યવાહી અને આયોજન માટે માર્ગદર્શન આપેલ.

શ્રી જાડેજાએ વધુમાં જણાવેલ છે કે હવે પ્રાથમિક સભ્ય નોંધણીનું કામ પૂર્ણ થયેલ છે અને બુથ સમિતિની નિમણુંકનું કાર્ય શરૂ થશે. ભાજપ દ્વારા પ્રથમ વખત રાજયના તમામ બુથો પર ફોટાવાળી (બુથ સમિતિ હોદ્દેદારો, સભ્યો) સમિતિ બનાવવાનો નિર્ણય કરેલ છે. આમ ચાર લાખ જેટલા કાર્યકર્તાઓને બુથમાં જવાબદારી સોંપાશે તે તમામ ફોટા સાથેના આઈડેન્ટી કાર્ડ ધરાવનાર હશે.

બેઠકનું સમાપન કરતા માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવેલ છે કે, સંગઠન સંરચનામાં કુલેહપૂર્વક કાર્ય કરીએ. પ્રદેશ ભાજપ દ્વારા હાથ ધરાયેલ કાર્યને બિરદાવતા જણાવેલ કે હાલમાં અનેક સમાજના શ્રેષ્ઠીઓ ભાજપ દ્વારા રાજયના વિકાસમાં સહભાગીદાર થવા તૈયાર છે, ત્યારે વિવિધ સમાજને આ સંરચનામાં સામેલ કરીએ, ભાજપ વિવિધ જવાબદારી દ્વારા પ્રત્યેક કાર્યકર્તાઓ રાજયના વિકાસ માટે પૂરક બને તેવુ આયોજન કરીએ. તાજેતરમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપની જીત રાજય સમજણ અને પરિશ્રમ સાથેની જીત ગણાવી છે જીતનો શ્રેય તમામ કાર્યકર્તાઓને જાય છે અને તેઓએ અભિનંદન પાઠવ્યા હતા.

આ બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી સર્વશ્રી ભિખુભાઈ દલસાણિયા, શ્રી જયંતિભાઈ બારોટ શ્રી ભરતસિંહ પરમાર, શ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ, પ્રદેશ સેલ કન્વીનરશ્રીઓ, સંગઠન પર્વ જીલ્લાના નિરીક્ષકશ્રીઓ, જીલ્લાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ અને સંગઠન પર્વના જીલ્લા ઈન્ચાર્જશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.